## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા સમૂહ નિદર્શનો અંતર્ગત ક્ષેત્રદિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા નેશનલ ફુડ સિક્યોરીટી મિશન અંતર્ગત કઠોળ પાક સમૂહનિદર્શનમાં આપેલ મગની જી.એ.એમ.-૫ જાતના નિદર્શન અન્વયે તા.30.૫.૧૭ ના રોજ પણસોરા ગામ ખાતે ખેડુતના ખેતરે નિદર્શન પ્લોટમાં ક્ષેત્ર દિન યોજવામાં આવેલ જેમાં આશરે ૪૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી..જી. પટેલ તથા શ્રી વાય.સી.લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા આજુબાજુના મગની ખેતી કરતા ખેડુત ભાઇઓને મગની જી.એમ.-૪, મેહા અને જી.એ.એમ.-૫ વગેરે જાતોની ખાસીયતો પરત્વે માહિતગાર કરી મેહા અને જી.એ.એમ.-૫ મગનું તાદ્રશ્ય નિદર્શન કરી તફાવત બતાવેલ અને કઠોળ પાકોમાં વધુ ઉત્પાદન મેળાવવા માટેની સલાહ પુરી પાડેલ. ખેડૂતોએ આ નિદર્શનો પરત્વે જી.એ.એમ.-૫ જાતને મોટો દાણો, પચરંગી પીળીયા સામે પ્રતિકારક અને વધુ ઉત્પાદન આપતી જાત તરીકેનો અભીપ્રાય આપેલ. પણસોરા ગામનાં પ્રગતિશીલ ખેડૂત શ્રી રાજુભાઇ પટેલ પણ હાજર રહ્યા હતા. તેઓએ ખેડૂત ભાઈઓને તેમણે મળેલ સફળતાના આધારે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટેની પ્રેરણા આપી હતી.








